**અમદાવાદ (ગ્રામ્ય) ના મહે.બીજા એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (ફર્સ્ટ કલાસ) સાહેબની કોર્ટમાં, મુ. મીરઝાપુર, અમદાવાદ.**

**ફોજદારી કેસ નંબર: 2577/2023**

**ફરીયાદી :** **શ્રી સરકાર**

વિરુઘ્ઘ

**આરોપીઓ: 1. ચંદ્રકાન્ત સ/ઓ જીવણભાઈ રામજીભાઈ ચાવડા 2. પ્રવીણભાઈ સ/ઓ કરશનભાઈ રાઠોડ 3. જીતેન્દ્ર કાળીદાસ ચાવડા 4. વિપુલ ગૌતમભાઈ વાઘેલા 5. હિતેન્દ્ર સુરેન્દ્રભાઈ વાઘેલા 6. ભાવેશ મનુભાઈ ગઢવી 7. હિમાંશુ સુરેન્દ્રભાઈ પરમાર**

**ગુન્હો : ભારતીય દંડ સહિતા, ૧૮૬૦ ની કલમ જુગાર ધારા કલમ.૧૨ અ મુજબ.........**

**:: ચુકાદો ::**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે ઉપરોકત આરોપીઓએ ગુન્હો કરેલ હોય, આરોપીઓ વિરુઘ્ઘ ગુન્હાની ફરીયાદ નોંધી, તપાસ પુર્ણ કરી આ અદાલતમા ભારતીય દંડ સંહિતા, ૧ ૮૬૦ ની કલમ જુગાર. ૧૨ મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપીઓને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ (સંહિતા) ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવી. આરોપીઓએ પ્રથમ તબકકે ગુન્હા અંગે આંક –૧ લગત ગુનો કબુલ કરેલ છે. આરોપીઓએ ગુન્હાની કબુલાત કોઈ પણ જાતના દબાણ વગર, સ્વેચ્છાએ કરેલ છે તેની ખાતરી કરવામાં આવ્યા બાદ આરોપીઓની ગુન્હાની કબુલાત નોંધી આ કામે રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે અને આરોપીઓને ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની **જુ.ધા.૧૨** મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.આરોપીઓએ ગુન્હાનો એકરાર સ્વૈચ્છિક રીતે કરેલ છે અને તેમજ ફરી વખત આવો ગુન્હો નહીં કરવાની ખાતરી આપેલ છે. આથી દયા કરવા અરજ ગુજારેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફથી એવું કોઈ રેકર્ડ રજુ થયેલ નથી કે આરોપીઓએ અગાઉ ગુન્હો કરેલ હોય, જેથી આરોપીઓનો પ્રથમ ગુન્હો હોવાનું જણાય છે. તેમજ આરોપીઓએ આવા પ્રકારનો ગુન્હો નહીં કરવાની ખાતરી આપતાં હોવાથી આરોપીઓને સુધારવાની તક આપવી જોઈએ. આવા સંજોગોમાં આરોપીઓની સામેનું તહોમત તેમજ ગુન્હાની ગંભીરતા અને સજાની જોગવાઈ તેમજ આરોપીઓની રજુઆત ઘ્યાને લેતાં, આરોપીઓની વિરૂઘ્ઘ આ પ્રથમ પ્રકારનો હોય, ન્યાયના હિતમાં, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**આરોપી–    1. ચંદ્રકાન્ત સ/ઓ જીવણભાઈ રામજીભાઈ ચાવડા 2. પ્રવીણભાઈ સ/ઓ કરશનભાઈ રાઠોડ 3. જીતેન્દ્ર કાળીદાસ ચાવડા 4. વિપુલ ગૌતમભાઈ વાઘેલા 5. હિતેન્દ્ર સુરેન્દ્રભાઈ વાઘેલા 6. ભાવેશ મનુભાઈ ગઢવી 7. હિમાંશુ સુરેન્દ્રભાઈ પરમાર** ને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની જુ.ધા.૧૨ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપી દીઠ રૂા.૧૦૦/– **કુલે ૭૦૦/– ( અંકે રૂપીયા સાતસો પુરા )** પુરાનો દંડ કરવામાં આવે છે. જો આરોપીઓ દંડ ન ભરે તો તેઓએ ત્રણ દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

મુદામાલ પાવતીમાં દર્શાવેલ મુદામાલ રોકડ નાણાં સરકાર ખાતે ખાલસા કરવા તેમજ મુદામાલ પાવતીમાં દર્શાવેલ મુદામાલ મોબાઈલ ફોન અંગે જો અગાઉ કોઈ હુકમ કરવામાં આવ્યો હોય તો વચગાળાનો હુકમ કાયમ કરવો અને જો અગાઉ કોઈ હુકમ કરવામાં આવ્યો ન હોય તો મુદામાલ મોબાઈલ ફોનનાં બીલના આધારે માલિકીની યોગ્ય ખરાઈ કરી મૂળ માલિકને પરત સોંપવા તેમજ દર્શાવેલ મુદામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીઓના જામીન ખત અને જાત મુચરકા રદ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા. ૧૧ મી, માહે : ફેબ્રુઆરી સને: ૨૦૨૩ ના રોજ જાહેર કર્યો.

તારીખ: ૧૧/૦૨/૨૦૨૩
અમદાવાદ(ગ્રામ્ય)

**(એચ.જે.વસાવડા)**
બીજા એડી.સીવીલ જજ અને જયુ.મેજી.ફ.ક,
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર